

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

સર્વે ની ટીમોની સંખ્યા એ વિકાસનો ભરમ છે
મળ્યા મચ્છરના પોરા એ આપણી જ શરમ છે
ધરમ છે મનપાનો પ્રજાનું આરોગ્ય સાચવે -
નરમ છે ફરજમાં, ઉઘરાણામાં ગરમ છે.

હાઈકુ

ખાલી તળાવે,
ડૂબશે હવે ખર્ચે -
મનપા સ્નાન
(સે.૧નું તળાવ)

માદું તળાવ
ધર્મની ગાય જેવું
દીધું દાનમાં...
(સંશોધન વિના બનાવ્યું!)

### ચિંતન

*શૂન્યઽપિ ચ ગુણવત્તામાતન્વાનઃ સ્વકીયગુણ જાલૈઃ ।*
*વિવરાણી મુદ્રયન્દ્રાગૂર્ણાયુરિય સજ્જનો જયતિ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ કરોળિયો ખાલી જગામાં જાળ કરે છે અને છિદ્રો પૂરી દે છે, તેમ સારો માણસ ખાલી જગામાં પણ ગુણોને વિસ્તારે છે અને પોતાના ગુણોના સમુદાયથી બીજાના છિદ્રો પૂરી દે છે.**

**ગુણીજન લોકો માક્ષ સદ્ગુણોનું જ આચરણ અને પ્રસારણ કરે છે તેના તેમની સકારાત્મક અને હકારાત્મક વિચાર શ્રેણી જ તેમના સાનિધ્યમાં રહેનારને આનંદ આપનારી છે.**

### સુવિચાર

- છાંયડાનું સુખ તેની નીચે બેસવાથી મળે છે, તેને જોવાથી નહીં, એવી રીતે પ્રભુનો મહિમા ગાવાથી કે સાંભળવાતી નહીં, પરંતુ તેની નજીક આવવાથી પ્રભુનું સુખ મળે છે - **તુકારામ**
- આપત્તિ માણસને પ્રાર્થના માટે થોડો સમય ફાળવતા શીખવે છે, સમૃદ્ધિ નહીં - **બેન જોન્સન**
- જે વીસ વર્ષે હૃષ્ટપૃષ્ટ નથી, ત્રીસ વર્ષે તાકાતવાન નથી, ચાલીસ વર્ષે ધનવાન નથી, અને પચાસમેં વર્ષે ડહાપણવાન નથી તો તેનામાં આ ગુણ હવે કયારેય આવવાના નથી - **ઓશો**
- પોતે મા-બાપ થઈએ નહિં ત્યાં સુધી મા-બાપના પ્રેમની ખબર પડતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કંઈક થવું જોઈએ, એને બદલે 'મારે કંઈક કરવું જોઈએ' નો અભિગમ રાખવાથી ઘણા પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે - **સંત રોબિન**
- જ્ઞાનશક્તિ અને કર્મશક્તિ એ બે કેળવાયા વિના કોઈ પણ રીતનું સ્થાયી સુખ મળતું નથી - **કવિ નર્મદ**
- આજનું ઔષધ : કોળા અને બટેટાનો રસ સરખેભાગે લઈ તેમાં હળદર પાઉડર મેળવી તે પેસ્ટ ચહેરા પર લગાવવાથી ત્વચા ગોરી થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નોર્મન કમીન્સ ને એવો રોગ લાગુ પડ્યો કે ડૉકટરોએ તેને કહી દીધું કે છ મહિનામાં મોત નક્કી... નોર્મન ને નથયું હવે જો છ જ મહિના જીવવાનું હોય તો શા માટે ખુશીથી ન જીવવું.

એને મનમાં ઝબકારો થયો કે જો ચિંતા, હતાશા અને ક્રોધને કારણે મારામાં નકારાત્મક જીવલેણ બિમારીમાં આવ્યું તો એનાથી તદન વિરુદ્ધ હવે પોઝીટીવ અભિગમ ધરાવીને મારી હવેની બાકી રહેતી જિંદગીમાં પરિવર્તન કેમ ન લાવી શકું ? જો નેગેટીવ વિચારો આવી ગંભીર બિમારી લાવતા હોય તો પોઝીટીવ વિચારો તંદુરસ્તી કેમ ન લાવી શકે ?

તેણે લાગ્યું કે પોઝીટીવ વિચારોનું એક પ્રબળ માધ્યમ હાસ્ય હતું, અને તેથી મનને આનંદીત રાખવાના બધા જ પ્રયત્નો એણે શરુ કરી દીધા. મોટા ભાગનો સમય તે હાસ્યકથા વાંચતો, હાસ્ય ફિલ્મો જોયા કરતો. મિત્રો સગાવ્હાલાંને કહી રાખતો કે જે કોઈની પાસે હાસ્યનો ટૂચકો કે લેખ કે રમૂજ હોય તે મને મોકલી આપે. દુઃખની નહીં પણ ખુશીની જ વાતો કરે. આ ભયાનક બિમારીમાં તેને અપાર શારીરિક વેદના થતી, સૂઈ પણ ન શકે તેમ છતાં ખડખડાટ હસીને કલાકો સુધી શરીરની વેદનામાંથી મુક્તિ પામી ઊંઘી શકતો. નોર્મન હાસ્યઔષધીથી સાજો થયો અને છ મહિનાની જગ્યાએ ૨૦ વર્ષ સુધી આનંદી, તંદુરસ્ત, કાર્યરત જીવન જીવ્યો.

# '...બિન પાની સબ સૂન...'

**તંત્રીસ્થાનેથી...**

કાળઝાળ ગરમીને ગુજરાત સહિત દેશનો ભરડો લીધો છે. હજી આખેઆખો અધિક વૈશાખ બાકી છે. જેઠ મહિનો ગીષ્મની પરાકાષ્ઠા ગણાય છે. ઋતુ મુજબ ઉષ્ણતામાનમાં પરિવર્તન આવે તે સમજી શકાય પરંતુ દરિયા કિનારે આવેલાં નગરોમાં વિક્રમજનક ગરમી નોંધાય કે ગ્રીન સિટી ગાંધીનગરમાં આટલાં વૃક્ષો હોવા છતાં પારો પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે જરૂર એ ઋતુચક્રના પરિવર્તનનો જ સંકેત લાગે. અગાઉ ઉનાળામાં લીમડાના ઝાડ નીચે ખાટલો ઢાળીને સૂતાં રાહત અનુભવાતી તે હવે ભૂતકાળ બની ગઈ છે. ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો સામે સુરક્ષા કવચ ઊભું કરવા સૌ પોતપોતાની રીતે ઝઝૂમે છે. અગાઉ જયાં પંખો - ઈલેકટ્રિક ફેન એક લકઝરી ગણાતો હતો ત્યાં આજે ઘેર ઘેર ઍરકંડિશન યંત્રો લાગી ગયા છે. એથી વળી જે કાર્બન ડાયોકસાઈડ બહાર ફેંકાય છે તે વાતાવરણનું ઉષ્ણતામાન વધારે છે. ગરમી સામે લડવાની સૌથી સહેલી રીત હતી ઠંડા પાણીથી નહાવું. ઉનાળામાં બબ્બે - ત્રણ ત્રણ વાર સ્નાન કરવાનાઓ માટે હવે પાણીના વપરાશ સામે આવી રહેલા પ્રતિબંધો આડખીલી રૂપ બનવાના છે. જળસંકટ એટલું ઘેરું બની ગયું છે કે ખેતી માટે છોડવામાં આવનાર નર્મદા જળ પર બાન મુકાઈ ગયો છે. સરકારનો ગુજરાતભરમાં ગામડે ગામડે જળ અભિયાન ચલાવવાની ફરજ પડી છે. જળસંકટનો આગોતરો અણસાર આવી ચૂક્યો છે અને તેથી પાણી પહેલાં પાળ બાંધવાની જરૂર સરજાઈ છે. જો કે આવું જળસંકટ સરજાય છે ત્યારે આપણે કુદરત પર ઢોળી દેતા હોઈએ છીએ, પરંતુ જો વેળાસર જાગવામાં આવે તો આગ લાગે ત્યારે કૂવો ખોદવાની ઝંઝટ ન કરવી પડે. સળંગ ત્રણ ત્રણ વરસ સુધી દુકાળ જેવી સ્થિતિમાંથી ગુજરાતને હેમખેમ બહાર આણવામાં કોંગ્રેસની અમરસિંહ ચૌધરીના નેતૃત્વવાળી સરકારને સફળતા સાંપડી હતી. એ વખતે પણ વરસાદની અછત હતી, પીવાના પાણી માટે ટ્રેનો દોડાવવી પડી હતી. કયારેય આવી પરિસ્થિતિ માનવસર્જિત હોય છે. અનરાધાર અતિવૃષ્ટિ છતાં આજે ગુજરાતને જળસંકટ સહન કરવાનો વારો આવે તે શું સૂચક નથી? અતિવૃષ્ટિ વખતે ગામનાં ગામ તણાઈ ગયાં હતાં અને ત્યારે પણ સરકાર ઊંઘતી ઝડપાઈ હતી. ગાંધીનગર મહાનગરપાલિકાએ પણ પાણી વપરાશમાં વિવેક જાળવવાની અપીલ કરી છે. પાણીનું એક એક બૂંદ સોનામૂલું છે. રહીમ કહે છે એમ : 'બિન પાની સબ સૂન.' પાણીના વપરાશ અંગે વહેતી સાબરમતીમાંથી પણ મહાત્મા ગાંધી નાહવા માટે પક્ત એકાદ-બે લોટા પાણી વાપરતાહતા, તે દૃષ્ટાંત નજર સમક્ષ રાખીએ.

# અંતરાત્માના અવાજના કાયદાને અનુસરીને ચંપારણ હું નહીં છોડું

**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની



એક સદી પહેલાં ગાંધીજીએ ૨૦૧૫માં સ્વદેશાગમન કર્યા પછી બરાબર બે વર્ષ બાદ સૌથી પહેલું લોકઆંદોલન ચંપારણથી શરુ કર્યું હતું. ચંપારણ કે બિહારમાં તેઓ આ અગાઉ ગયા પણ ન હતા. જાત તપાસ પછી નિર્ણય કરું એવા ગાંધીજીના નિર્ણય પછી તેમણે જયારે તપાસ કરી ત્યારે નીલવરોના ત્રાસની હકીકત જાણી. ખેડૂતોની સ્થિતિ જાણવા માટે પોતાના નિયમ અનુસાર ખેડૂતો, નીલવો, અંગ્રેજ કમિશનર, કલેકટર બધાને મળ્યા. અંગ્રેજ અધિકારી સાથેની વાતચીતમાં ગાંધીજીને એવો અણસાર આવી ગયો હતો કે કદાચ જેલમાં જવાનો વારો આવશે. આથી પોતાની ગેરહાજરીમાં પણ લડત ચાલુ રાખી શકાય એ માટે સ્થાનિક વકીલો હતા તેમને સાથે રાખીને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું હતું. ગુજરાતમાં જેમ એક સમયે બળદગાડાનો ઉપયોગ થતો હતો એમ બિહારમાં હાથીનો ઉપયોગ થતો હતો. ગાંધીજી વકીલ ધરણીધર અને રામચરણ બાબુ સાથે મોતીહારીથી સવલપટ્ટી ગામે જતા હતા. ત્યારે જ ફોજદારે આવીને 'પોલીસ સુપ્રીન્ટેન્ડેટ આપને સલામ કહેરાવે છે.' એવો રૂબરૂ સંદેશો આપ્યો. ગાંધીજીનો અંદેશો સાચો ઠર્યો તેમણે લડત રોકાય નહીં માટે બંને અગ્રણીઓને સવલપટ્ટી તરફ રવાના કર્યા અને તેઓ સુપ્રિન્ટેન્ડેન્ટને મળવા ગયા. તેમણે ગાંધીજીને ખીસ્સામાંથી એક કાગળ કાઢીને આપ્યો. એ કાગળમાં કલેકટરનો આદેશ હતો. 'ચંપારણ છોડીને ચાલ્યા જાવ.'

ચીઠ્ઠીના ચાકર એસ.પી. પાસેથી આદેશ તો સ્વીકાર્યો પણ આ તો ગાંધી હતા. તેમણે તરત જવાબ લખી આપ્યો : 'હું ચંપારણ છોડવા માંગતો નથી. મારા ખેડૂત ભાઈઓના દુઃખદર્દની તપાસ કરવા હું આગળ જવા માગું છું.' આ કોઈ નવી જાતનો આદમી લાગે છે એમ અમલદારને લાગ્યું અને કોર્ટમાં હાજર થવા સમન્સ બજાવવામાં આવ્યો. ગાંધીજીએ આખી રાત આંદોલન કેમ ચાલુ રાખ્યું એની સમજ અગ્રણીઓને આપી. કોર્ટમાં હાજર થવાનો સમન્સ મળ્યાની વાત વાયુવેગે બિહારના ગામેગામથી લોકો મોતીહરીમાં ઉભરાવા લાગ્યા. જેમના ઘરે ગાંધીજી ઉતરેલા એ ગોરખબાબુનું ઘર ધર્મશાળામાં ફેરવાઈ ગયું હતું.

## પ્રોફેસરી છોડીને કૃપાલાણીજી ગાંધીજીના દરવાન બન્યા

મુઝફ્ફરપુર કૉલેજમાં પ્રોફેસર જીવનરામ કૃપાલાની પોતાની નોકરી છોડીને ગાંધીજીની સાથે લડતમાં જોડાઈ ગયા હતા. ગાંધીને મળવા માટે તલપાપડ ભીડને સમજાવવાનું કામ તેમણે એક દરવાન બનીને કર્યું. ભીડને બહુ જ શાંતિથી એમણે સાચવી લીધી.

જે ચંપારણને ગાંધીએ ખુદ કયારેય જોતું ન હતું. ચંપારણમાં ગાંધીને કોઈ ઓળખતું પણ ન હતું. નીલવરો, ગોરા અમલદારો, પોલીસના ખાખી કપડાં અને બંદૂક જોઈ ભડકીને ભાગી જનાર ચંપારણના ખેડૂતોની બીક જાણે હવામાં ઓગળી ગઈ. એક માત્ર ગાંધીના નામથી તેઓ નિર્ભય બની ચૂક્યા હતા. ચંપારણમાં પણ પગ મૂક્યાના બીજા જ દિવસે સત્યના આધારે, અહિંસાના જોરે અને પ્રેમના બળે ગાંધીની આણ સ્વીકૃત બની ગઈ.

ગાંધીજી પર કોર્ટમાં કેસ ચાલ્યો. સરકારી વકીલ તો ઠીક ખુદ જજ પણ ગભરાયેલા હતા શું કરવું એની ગતાગમ તેમને પડતી ન હતી. પણ ગાંધીજીએ તેમના સ્વભાવ મુજબ અગાઉના કેસો માફક પોતાનો ગુનો કબૂલ રાખ્યો. જજ સાહેબની પણ મૂંઝવણ ટળી ગઈ. તેમણે કેસમાં મુદત પાડી સુનાવણી આગળ ટાળી. ગાંધીજીએ આખી ઘટના અંગે પંડિત મદનમોહન માલવિયાજી અને વાઈસરોયને તાર કર્યા. દેશ-વિદેશમાં વર્તમાનપત્રોએ મોટા મથાળા સાથે આ સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા. સમગ્ર વિશ્વમાં લોકશાહીના રક્ષકનું મહોરું પહેરી ફરતા અંગ્રેજો માટે તો સાવ નીચાજોણું થયું. સમગ્ર દેશમાં કાયદાનો સવિનય ભંગ કરવાનો અને પહેલો જ દાખલો હતો. આખા દેશમાં ખળભળાટ મચી ગયો હતો. કોર્ટ કેસનો જે દિવસે ચુકાદો આવવાનો હતો એ જ દિવસે ગવર્નરના હુકમથી ગાંધીજી સામેનો કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો અને જિલ્લા કલેકટરે ગાંધીજીને જે તપાસ કરવી હોય તે સુખેથી કરવાની છૂટ આપી દીધી.

લોક પ્રશ્નોમાં લોકોને જોડાવા માટે ગાંધીજીએ જે ચંપારણ સત્યાગ્રહ કર્યો એ કોઈ પણ આંદોલન સફળ બનાવવા માટેનું શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડતો કિસ્સો છે. ગાંધીજીએ સત્ય, અહિંયા અને પ્રેમના સહારે ચંપારણ સત્યાગ્રહ થકી દેશ અને દુનિયાને શાંતિનો જે માર્ગ બતાવવાના પ્રયાસ કરતા હતા એનો સાક્ષાત્કાર પણ હતો.

કોર્ટમાં જયારે પોતાની ઉપર થયેલા કેસમાં ગાંધીજીએ રજુઆત કરી હતી તે વાત જોવા જેવી છે. ગાંધીજીએ પોતાનો પક્ષ રજૂ કરતાં કરતાં કહ્યું હતું કે, 'મારા જેવા માણસે અમુક પગલું લઈ દાખળો બેસાડવામાં ભારે કાળજી રાખવી જોઈએ, એ હું બરાબર સમજું છું પણ આજે જે અટપટી પરિસ્થિતિ છે એમાં મૂકાયેલા અમારા જેવા સ્વાભિમાની પાસે બીજો કોઈ રસ્તો નથી. આથી હુકમનો અનાદર કરી તે બદલ જે સજા થાય તે મૂંગે મોઢે ખમી લેવી. મને જે સજા થાય તેમાં ઘટાડો કરવા માટે આ બયાન હું નથી કરતો પણ હુકમનો અનાદર કરવામાં કાયદેસર સ્થપાયેલી સત્તાનું અપમાન કરવાનો મારો ઉદ્દેશ ન હોઈ મારું અંતર જે વધારે મોટો કાયદો સ્વીકારે છે - એટલે કે કે અંતરાત્માનો અવાજ - તેને અનુસરવાનો જ મારો ઉદ્દેશ છે.'

**અનુસંધાન પાના નં ૭ પર**

# મોહનમાંથી મહાત્મા બનવાની અમર કથા

**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી



૩૦ જાન્યુઆરી – ૧૯૪૮ ના દિવસે મહાત્મા ગાંધીએ મહાપ્રયાણ કર્યું. આ ઘટના પછીના થોડા દિવસોમાંજ આપણી ભાષાના સમર્થ કવિ બાલમુકુન્દ દવેએ દિલના દર્દને વ્યક્ત કરતા લખ્યું :

કોણે રે દૂભ્યો ને
કોણે વિંધીયો,
કલંકીએ કોણે કીધા ઘાવ
કોણ રે અપરાધી માનવ જાતનો
જેને સૂઝી અવળી મતી આ,
રુધિરે રંગાયો હરિનો હંસલો.

ઉપરના કાવ્યોનો દરેક શબ્દ અર્થસભર છે. કવિ લખે છે કે 'હરિના આ હંસ' ઉપર જેણે પ્રહાર કર્યો છે તે કોઈ સામાન્ય અપરાધી નથી. આ કૃત્ય કરનાર તો સમગ્ર માનવ જાતનો અપરાધી છે. કવિના આ તર્ક પાછળનું કારણ સ્પષ્ટ છે. અનેક લોકોએ સમાજનું નેતૃત્વ કરેલું હોય છે. ચોક્કસ સમાજના હિત માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરેલું હોય છે. પરંતુ ૩૦મી જાન્યુઆરી-૧૯૪૮ના દિવસે જેના જીવનનો અવિચારી કૃત્યથી ઓચિંતો અંત લાવવામાં આવ્યો હતો તે મહામાનવ સમગ્ર માનવજાત માટે પોતાની તમામ શક્તિનો વ્યય કરનાર યુગપુરુષ હતો. આથી ગાંધીની હત્યા એ એક રીતે ભલે કાયદાની દ્રષ્ટિએ અયોગ્ય કૃત્ય લેખાતું હોય પરંતુ તે કૃત્ય એ સમગ્ર માનવજાત સામેના અપરાધ બરાબર છે. એક સાધારણ દેખાતા માનવીનું આ અસાધારણ સામર્થ્ય જગતના ઈતિહાસમાં ભાગ્યેજ તુલના કરી શકાય તેવું છે. જગતના અનેક દૂભ્યા – દબાયેલા લોકોએ પોતાની મુક્તિ માટે ગાંધીજીના વિચારો તરફ મીટ માંડી છે. કવિ પ્રદીપજીએ યથાર્થ લખ્યું છે :

વૈસે તો દેખનેમેં થી
હસ્તી તેરી છોટી,
લેકીન તુજે ઝૂકતી થી
હિમાલય કી ભી ચોટી.
દુનિયામેં તુ બેજોડ થા
ઈન્સાન બેમીસાલ,
સાબરમતી કે સંત તુને
કર દીયા કમાલ.

મોહનદાસમાંથી મહાત્મા બનવાની સમગ્ર પ્રક્રિયા દરેક સામાન્ય માનવીએ સમજવા જેવી છે. યથાશકિત તેમજ યથામતિ અનુસરવા જેવી પણ છે. જે જીવન ગાંધી જીવ્યા તેવું જીવતર જીવવાનો નમ્ર પ્રયાસ આપણે કેમ ન કરીએ ? આ વાત બાપુએ પોતે પણ પોતાની આત્મકથામાં સ્પષ્ટ રીતે કરી છે. સત્યના નિરંતર પ્રયોગ કરીને ગાંધીજીએ કરોડો ભાંડુઓને એક દિશાદર્શન કરાવેલું છે. એક સ્પષ્ટ વક્તા તરીકે તેમણે પોતાના પ્રયોગોની સાર્વત્રિકતા માટે જાતેજ લખ્યું છે :

'' (સત્યના પ્રયોગોના) પરિણામો મારી દ્રષ્ટિએ ખરાં છે. અત્યારે તો તે છેવટના જેવા લાગે છે. (પરંતુ) અહીં દર્શાવેલા પ્રયોગોને દ્રષ્ટાંતરૂપે ગણીને સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ કરે એટલીજ મારી ઈચ્છા છે. ''

ગાંધીજીના સમગ્ર ભાતીગળ વ્યક્તિત્વને સમજવા માટે તેમની આત્મકથાની બાપુએ પોતે લખેલી પ્રસ્તાવના વાંચવા તથા સમજવા જેવી છે. ગાંધીની આત્મકથાનું અધ્યયન એ નૂતન દિશાદર્શન કરવાના અસરકારક પ્રયોગ સમાન છે. કેટલીક મહત્વની બાબતો જે પ્રથમ દ્રષ્ટિએજ ધ્યાન પર આવે છે તેને વિસ્તારથી સમજવાનો પ્રયાસ એક અભ્યાસુની દ્રષ્ટિથી ખુલ્લા મને કરીએ તો ગાંધી જીવન અને વિચારનો એક તેજપુંજ મનના ઊંડા અંધકારને દૂર કરવામાં ઉપયોગી બને તેવો છે. ગાંધીજીએ પોતે જીવનભર આદરેલા સત્યના પ્રયોગોની વાત લખીને માનવજાત પર એક વિશેષ ઉપકાર કરેલો છે. આત્મકથા લખવાનો કોઈ આશય કે ઈચ્છા આ મહાત્માની ન હતી તેવો ઉલ્લેખ પણ તેમણે કરેલો છે. પરંતુ તેમના જીવન ઘડતરની વાતો આપણાં જેવા અનેક સામાન્ય લોકોને હાથવગી તેમજ ઉપયોગી બની રહે તેવી અસરકારક તથા વાસ્તવિક છે.

બાળકોના સંસ્કાર પર એક અમીટ છાપ પડતી હોય છે તે માતાની હોય છે. ગાંધીજીએ પોતાની માતા પુતળીબાઈનું જે દર્શન કરેલું છે તેની છાપ ગાંધીના બાળમાનસ પર પડેલી છે. માતા કોઈક સમયે ચાતુર્માસમાં એવું વ્રત કરે કે સૂર્યનારાયણના દર્શન કર્યા પછીજ ભોજન કરી શકાય. ચોમાસના કારણે સ્વાભાવિક રીતેજ આકાશમાં વાદળો ઘેરાયેલા રહે. ઘેરાયેલા વાદળોના કારણે કેટલીક વાર સૂર્યદર્શન કરવું મુશ્કેલ થાય. છોકરાઓને આ વાતની ચિંતા રહે અને તેથી આતુરતાપૂર્વક આકાશ સામે તાકતા રહે. ક્યારે વાદળો હટે, સૂર્યનારાયણનું દર્શન થાય અને મા જમી શકે. કોઈક સમયે એવું પણ બને કે બાળકોને સૂર્ય દેખાય. આમ થતાંજ હર્ષઘેલા બાળકો માતાને સૂર્યના દર્શન કરવા તરતજ બોલાવે. બા પણ ઉતાવળા બહાર આવીને સૂર્યદર્શન કરવાનો પ્રયાસ કરે. પરંતુ એટલામાંજ કાળા ડીબાંગ વાદળોનો જથ્થો એકાએક આવીને સૂર્યને ઢાંકી દે. બા તો બહાર આવે પણ સૂર્યદર્શન ન થતાં બાળકો નિરાશ થાય પરંતુ જે દ્રઢતા અને ધીરજથી બા આ પરિસ્થિતિનો સામનો કરે તેની ઊંડી છાપ બાળ મોહનના મન પર પડે છે. બા સહજ રીતેજ આવી પડેલી પરિસ્થિતિનો સ્વીકાર કરતા કહે છે. '' કંઈ નહિ, આજે નસીબમાં ખાવાનું નહિ હોય '' માતાની આ દ્રઢતા તેમજ કસોટીની આકરી ક્ષણે પણ ધીરજ રાખવાની તથા કર્તવ્યને અનુસરવાની વ્રત્તિજ ભવિષ્યમાં મોહનનું મહાત્મા સ્વરૂપે પરિવર્તન કરવાના એક કારણરૂપ બને છે.

મોહનદાસ કેટલાક સંસ્કારો લઈને મોટા થાય છે. વચ્ચે ભટકી જવાની કેટલીક ઘટનાઓ બને છે પરંતુ સત્ય તરફની નિષ્ઠાને કારણે બચી જાય છે. દક્ષિણ આફ્રિકામાંથી ગાંધીભાઈ દેશમાં પરત આવે છે ત્યારે વ્યાપક રીતે તેમના સન્માન સમારંભો આફ્રિકામાં ગોઠવવામાં આવે છે. કીમતી ભેટસોગાદો પણ મળે છે. સોનારૂપાના આ આભુષણો એ વ્યક્તિગત રીતે તો ગાંધીને આદરથી મળેલી ભેટ છે. કસ્તુરબાની પણ તે સમયે સ્વાભાવિક ઈચ્છા પુત્રવધુઓ માટે આ કીમતી આભુષણો રાખવાની છે. પરંતુ ગાંધીભાઈ અનેક પ્રકારના મંથન પછી આ ઘરેણાંને જાહેર હેતુ માટેજ વાપરવાનો નિર્ણય કરે છે. મા ને બાળપણમાં સહજ ધર્મ તરીકે ભોજનની આસક્તિ છોડતા જોઈ હતી. આથી પણ કદાચ જગત જેના તરફ આસક્ત છે તે 'પીળી ધાતુ' ગાંધીને મોહમાં બાંધી શકતી નથી. સાચી દિશામાં માંડેલા એક એક ડગલાથી મોહનમાંથી મહાત્માનું નિર્માણ થાય છે તે કથા સદા સર્વદા મંગલમગ પ્રકાશ પાથરનારી છે. આવતી પેઢીઓ સુધી ગાંધીકથાનું આચમન પહોંચે તે આપણી સહીયારી જવાબદારી છે.

# સોમવારે ટાઉનહોલ ખાતે 'રાજમાતા કૈકેયી' નાટક યોજાશે

**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'



વૃત્ત સંચય

● સદ્ભાવના, સંવેદના અને સમન્વયના પર્યાયની ખોજમાં, વિચારશીલ અને ચિંતનશીલ વ્યક્તિઓ પોતાનું યોગદાન આપી શકે તે હેતુસર; વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ દ્વારા, તા. ૬ઠ્ઠી મે, ૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન, સીઆર-૪, એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ, ગેટ નં. ૨, સર્વ વિદ્યાલય પરિસર, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે, સાહિત્ય અને સામાજિક નિસ્બત વિષયે જાણીતા ડૉ. વિનોદ જોષીનું વકતવ્ય રાખવામાં આવ્યું છે. સમાલાપ હેતુ આ કાર્યક્રમ માણવા માટે વિશ્વગ્રામ દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

● ઓમ કોમ્પ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર સંયુક્ત ઉપક્રમે, મૂર્ધન્ય સાહિત્યકાર પન્નાલાલ પટેલના જન્મદિન પ્રસંગે એક સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન તા. ૭મી મે ને રવિવારના રોજ, સાંજના ૫.૩૦ વાગે, આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે. જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક પન્નાલાલ પટેલના ૧૦૭માં જન્મદિન પ્રસંગે 'પરમમીનો પોઠી' એ સાહિત્યિક વ્યાખ્યાન પ્રસંગે અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા પ્રાસંગિક ભૂમિકા રજૂ કરશે. પન્નાલાલ પટેલના જીવન વિશે દૃષ્ટિ પટેલ વકતવ્ય આપશે એન પન્નાલાલ પટેલની જાણીતી કૃતિનું વાચીકમ્ કરશે. પન્નાલાલ પટેલની ટૂંકીવાર્તાઓ વિશે સાહિત્યકાર અજયસિંહ ચૌહાણ અને પન્નાલાલની નવલકથાઓ અંગે સાહિત્યકાર મણિલાલ હ. પટેલ વકતવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવશે. આ નિઃશુલ્ક કાર્યક્રમ માણવા ભાષા - સાહિત્ય પ્રેમીઓને ઈજન પાઠવવામાં આવ્યું છે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે કવિ શંકર પેન્ટરના આત્મવૃત્તાંત 'માંહ્યલો ભીતર તો જલે' વિષે કવિ નગીનચંદ્ર ડોડિયાનું વ્યાખ્યાન તા. ૨૯મી એપ્રિલને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતે યોજાઈ ગયું. જેમાં ઉપસ્થિત સર્વેનું ભાવભીનું સ્વાગત કવિ સાહિલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કવિશ્રી નગીનચંદ્ર ડોડિયાએ કવિ શંકર પેન્ટરના આત્મવૃત્તાંત બાબતે રસપ્રદ વ્યાખ્યાન આપી, સર્વેને ભાવવિભોર કરી દીધા હતા. આ કાર્યક્રમમાં સાહિત્યકાર પ્રવીણ ગઢવી, પુનમચંદ્ર મકવાણા, નિલેશ દુલેરા, મૂળજીભાઈ પરમાર, યોગેન્દુ ચૌહાણ વિગેરે ખાસ ઉપસ્થિતિ રહ્યા હતા. કાર્યક્રમના અંતે કવિ સાહિત્ય પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

● શિક્ષણ, સાહિત્ય અને સમાજનો ઝંખતી સંસ્થા 'ત્રિદલ' ની એપ્રિલ માસની 'સાહિત્યિક બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને તા. ૨૯મી એપ્રિલના રોજ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે યોજાઈ ગઈ. આ સાહિત્યક બેઠકમાં સાહિત્ય સર્જકો નટુભાઈ ગજ્જર, એનડી જોષી, રણછોડ વી. પરમાર, ઈશ્વરલાલ જોષી, મૂળજીભાઈ પરમાર, ગુલાબચંદ પટેલ, સુમંત શાહ અને અધ્યક્ષ સ્થાનેથી ભાનુપ્રસાદ પુરાણી દ્વારા 'વૈશાખનો બપોર' અન્વયેનાં અવનવાં કાવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. આગામી સાહિત્યિક બેઠકમાં ગઝલની બે પંક્તિઓ 'ખીજાંના દોરમાં જુઓ; બહારો લઈને આવ્યો છું.' ઉપરથી પાદપૂર્તિ કરીને ગઝલ રચવા અધ્યક્ષસ્થાનેથી જાહેરાત કરવામાં આવી હતી. આ પાદપૂર્તિ ગઝલો આગામી બેઠકમાં સર્જકો રજૂ કરશે.

● ગુજરાત સિંધી સાહિત્ય તથા સિંધુ સંસ્કૃતિ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કાવ્ય - વાર્તાલેખનની દ્વિ-દિવસીય કાર્યશાળા યોજાઈ ગઈ; જેમાં ૨૨ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર આયોજન મંજુ મીરવાણીએ સંભાળ્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી જી.ડી. મોદી કૉલેજ ઑફ આટ્ર્સ, પાલનપુર ખાતે ૨૩મી ફેબ્રુઆરી - ૨૦૧૮ના રોજ એક દિવસીય રાજયકક્ષાનો પરિસંવાદ યોજાઈ ગયો; જેમાં કૉલેજના આચાર્ય ડૉ. એસ.જી. ચૌહાણે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ડૉ. સોહન દવેએ પરિસંવાદની પૂર્વભૂમિકા બાંધી હતી. જયારે ડૉ. દીપક રાવલે બીજરુપ વકતવ્ય આપ્યું હતું. ઉદ્ઘાટક શિરીષકુમાર મોદીએ ચંદ્રકાન્ત બક્ષી સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. ડૉ. કલ્પના ગાવિતે આભારવિધિ કરી હતી. પરિસંવાદની વિવિધ બેઠકોમાં કવિ મુસાફિર પાલનપુરી, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. જયંત ભોગાયતા અને ઉર્વીશ કોઠારીએ ચંદ્રકાન્ત બક્ષીનાં સાહિત્યિક વિવિધ પાસાંઓની રસપ્રદ ચર્ચા કરી હતી.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા. ૧૭-૧૮, ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ પદ્મડુંગરી કેમ્પસાઈટ ખાતે સર્જનાતામક લેખન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્રુવ ભટ્ટ, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. મહેન્દ્રસિંહ પરમાર, ડૉ. અજયસિંહ ચૌહાણે સર્જનાત્મક લેખન અને સાહિત્ય સંબંધિત વિવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરી હતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડૉ. શરીફાબેન વીજળીવાળા અને ડૉ. નરેશ શુક્લએ સમગ્ર કાર્યક્રમનું સુપુરે સંચાલન કર્યું હતું. આ લેખન શિબિરમાં ૫૫ જેટલા શિબિરાર્થીઓએ ઉલટભેર ભાગ લીધો હતો.

● ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત અને સોહમ જાની દિગ્દર્શીત નાટક 'રાજમાતા કૈકેયી' નો પ્રથમ પ્રિમિયર શૉ તા. ૭મી મે, ૨૦૧૮ને સોમવારના રોજ સાત્રે ૯.૦૦ કલાકે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે યોજાશે. આ અંગેના 'ફ્રી પાસ' માટે ધર્મેન્દ્ર ત્રિવેદી (Snake) નો સંપર્ક સાધવા જણાવાયું છે.